**કેશોદના મ્હે. એડીશનલ ચીફ જયુડીશિયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, કેશોદ**

**ફોજદારી કેસ નં. ૧૫૧/૨૦૨૬**

આંક:

શ્રી સ ર કા ર . . .
(કેશોદ પો.સ્ટે.ગુના રજી.નં.૧૧૨૦૩૦૩૦૨૫૦૭૬૯/૨૦૨૫) **ફરિયાદી**

**વિ રૂ ધ્ધ**

**સતારસા ઈશ્માઈલશા સાહમદા ઉ.વ. ૨૬**
**રહે.ઉતાંવળીયા નંદી કાઠે ૬૬ કે.વી. પાસે કેશોદ**
**તા.કેશોદ જી. જુનાગઢ**

**આરોપીઓ**

ગુનો :– **ગુજરાત પ્રોહિ. એકટની કલમ ૬૫ એએ મુજબ...**

**– : : ચૂ કા દો : : –**

(૧) ફરિયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપી પાસેથી દારૂ મળી આવેલ હોય આરોપીએ ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ ૬૫ એએ મુજબ શિક્ષાપાત્ર ગુનો આચરેલો છે જેથી આરોપીઓ વિરૂધ્ધ ફરીયાદ આપેલી છે. આ ફરીયાદ સંદર્ભે પોલીસ સત્તાવાળાઓ તરફથી ગુનાની તપાસના અંતે આરોપીઓ વિરૂધ્ધ ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ ૬૫ એએ મુજબ શિક્ષાપાત્ર ગુનાનું ચાર્જશીટ ત.ક.અ. અમલદાર ધ્વારા રજુ થતા સદર ચાર્જશીટ ફોજદારી કેસ તરીકે રજીસ્ટરે લેવાનો તથા હાલના આરોપી સામે સમન્સ ઈશ્યુ કરવાનો હુકમ કરેલ.

(૨) આરોપી સમન્સ બજતા આરોપી હાજર થતા નકલો મળ્યા બદલની ખાતરી કર્યા બાદ આરોપી ગુન્હો કબુલ કરવા માંગતા હોવાનુ જણાવી **આંક.૬** કબુલાત પુરશીષ રજુ કરતા આરોપી વિરૂધ્ધ સદર ગુન્હાનુ તહોમત ફરમાવી વાચી સંભળાવી આરોપીનુ નીવેદન નોંધતા આરોપી ગુન્હો કબુલ કરતા જણાવે છે. આરોપી ની ગુનાની કબુલાત સંદર્ભેની પુરસીસ વંચાણે લેતાં આરોપી તરફે એવી રજુઆત છે કે, તે અભણ માણસ છે અને તે કાયદાથી અજ્ઞાન છે અને ભવિષ્યમાં આવા કોઈ ગુનામાં સંડોવણી નહી થાય તેની તે પુરતી તકેદારી રાખશે અને તે ગરીબ માણસ છે અને તે તેમના કુટુંબના એકમાત્ર કમાનાર વ્યકિત છે અને તેંઓ તેમના કુટુંબનું ભરણપોષણ માંડ માંડ કરી શકે છે અને તે માટે કામ ધંધા અર્થે જવાનું હોય, આર્થિક ઉપાર્જનના ભોગે આરોપી ને કોર્ટ કાર્યવાહીમાં નિયમિત હાજરી આપવામાં ઘણી અગવડો ઉભી

થાય તેમ હોય તે આ ગુનાની કબુલાત કરવા માંગે છે અને આરોપીને થતી સજાની અસર તેના સમગ્ર કુંટુંબ ઉપર પડે તેમ હોય માત્ર દંડ ફરમાવવા અરજ કરેલ છે.

(૩) આરોપીની કબુલાત પુરસીસ વંચાણે લેતાં આરોપી સ્વેચ્છીક રીતે હાલનો ગુનો કબુલ કરવા માંગે છે, અને તેમનો જવાબ ધ્યાને લેતાં, તેમાં પણ આરોપી સ્વેચ્છીક રીતે ગુનો કબુલ કરેલાનું જણાઈ આવતું હોય, રેકર્ડ, અને આરોપી ની કબુલાત પુરસીશમાં જણાવેલ કારણો ધ્યાને લેતાં તથા આરોપી એ આચરેલ ગુનાનો પ્રકાર ધ્યાને લેતાં તથા આરોપીની કૌટુંબીક પરિસ્થિતિ અને સામાજિક સંજોગો અને તે સાથે આ કેસના સંજોગો ધ્યાને લેતાં, આરોપી ને કાયદામાં ફરમાવેલ સજા કરતાં ઓછી સજા કરવા માટે વાજબી સંજોગો રહેલા છે તેવુ માનતા, નામદાર ગુજરાત ઉચ્ચ અદાલત ધ્વારા ૨૦૦૫(૧) જી. એલ. આર. ૭૦૯ ઉપર પ્રસિધ્ધ થયેલ ''ગુજરાત રાજય વિ. નટવરચંદ હરચંદ ઠાકોર''ના કેસમાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતો ધ્યાને લઈ, નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**– : : <u>આખરી હુકમ</u> : : –**

આ કામના આરોપીને, ગુજરાત પ્રોહિબીશન એકટની કલમ ૬૫ એ એ મુજબ શિક્ષાપાત્ર ગુનામાં તકસીરવાન ઠરાવી આરોપી ને કોર્ટ ઉઠતા સુધીની સજા અને રૂ.૫૦૦/– (અંકે રૂપીયા પાંચસો પુરા) નો દંડ ફરવામાં આવે છે અને દંડની રકમ ન ભરે તો દિન – ૦૨ (બે)ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

હાલના કામે રહેલ મુદામાલ અપીલ સમય બાદ મુદામાલનો નાશ કરવો.

આ હુકમ આજ તારીખ : ૦૬ મી, માહે :જુન સને. ૨૦૨૬ ના રોજ મારી સહી કરી, ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

કેશોદ.
તારીખ : ૦૬–૦૬–૨૦૨૬

(વાલજીભાઈ શામજીભાઈ પટેલ)
એડીશનલ ચીફ જયુડિશ્યલ મેજિસ્ટ્રેટ,
કેશોદ.
(GJ01484)